આગામી સપ્તાહે દ.ગુજરાત, ઉ. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી વચ્ચે

ચોમાસાની એન્ટ્રી છતાં 23.4 ટકા વરસાદની ઘટ

ગત વર્ષે રાજ્યમાં 26મી જૂન સુધીમાં સરેરાશ 231 મીમી વરસાદ વરસી ચૂક્યો હતો

ગાંધીનગરઃ ગુજરાતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની સત્તાવાર એન્ટ્રી થઈ ગઈ હોવા છતાં વરસાદની ગતિ હજુ ધીમી જોવા મળી રહી છે. રાજ્યમાં ગયા વર્ષની સરખામણીએ 23.4 ટકા જેટલી મોટી વરસાદી ઘટ નોંધાઈ છે. 25 જૂન સુધી રાજ્યમાં સરેરાશ માત્ર 25.77 મીમી વરસાદ નોંધાયો છે, જ્યારે ગયા વર્ષે આ જ તારીખે 231.40 મીમી વરસાદ વરસ્યો હતો. બીજી તરફ રાજ્યના અનેક શહેરોમાં તાપમાન 40 ડિગ્રીની આસપાસ પહોંચી જતાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમિયાન દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

રાજ્યમાં ચોમાસાની સત્તાવાર એન્ટ્રી થઈ ગઈ છે, પરંતુ વરસાદની ગતિ હજુ પણ ધીમી રહેતાં રાજ્યમાં વરસાદની મોટી ઘટ નોંધાઈ રહી છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર આંકડા મુજબ 25 જૂન સુધી રાજ્યમાં સરેરાશ માત્ર 25.77 મીમી વરસાદ નોંધાયો છે, જે કુલ મોસમી વરસાદના 2.84 ટકા જેટલો થાય છે.

26 અને 27 જૂને બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, નર્મદા, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં પણ છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, મોરબી અને કચ્છ જિલ્લામાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે.

28 જૂનથી 2 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં વરસાદી પ્રવૃત્તિ યથાવત રહેવાની સંભાવના છે. સાથે જ વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ સહિતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં પણ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ગુરુવારે સાંજે છ વાગ્યા સુધી રાજ્યમાં માત્ર જૂનાગઢ જિલ્લાના માળિયા હાટિના તાલુકામાં નહિંવત વરસાદ નોંધાયો હતો. જ્યારે છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના 16 તાલુકાઓમાં 3.35 ઈંચથી લઈને 3 મીમી સુધીનો વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાતમાંથી ચોમાસાની એન્ટ્રી થતાં વરસાદી માહોલ સર્જાયો છે, પરંતુ રાજ્યના મોટાભાગના વિસ્તારો હજુ સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે.

પાકિસ્તાન અને ઉત્તર રાજસ્થાન પર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય

હવામાન તંત્રના જણાવ્યા મુજબ મધ્ય પાકિસ્તાન અને ઉત્તર રાજસ્થાન ઉપર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. ઉપરાંત મધ્યપ્રદેશ ઉપર પણ અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન રચાયું છે. અરબી સમુદ્ર અને મધ્યપ્રદેશ વચ્ચે ટ્રફ સક્રિય હોવાથી તેમજ નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમી પવનો ફૂંકાઈ રહ્યા હોવાથી આગામી દિવસોમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની શક્યતા છે. ચોમાસાની એન્ટ્રી થઈ ગઈ હોવા છતાં રાજ્યમાં વરસાદની મોટી ઘટ અને ગરમીનો માહોલ ચિંતાનો વિષય બન્યો છે. જોકે આગામી દિવસોમાં ચોમાસું વધુ સક્રિય બનતાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિ વધવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અમદાવાદ-રાજકોટમાં 40 ડિગ્રી તાપમાન

બીજી તરફ વરસાદની રાહ વચ્ચે ગરમીનો માહોલ યથાવત રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજકોટ અને અમદાવાદમાં 40 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે કંડલા એરપોર્ટ પર 39 ડિગ્રી, ગાંધીનગરમાં 39 ડિગ્રી, વડોદરામાં 39 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 39 ડિગ્રી અને ભાવનગરમાં 38 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. દક્ષિણ ગુજરાતમાં સુરત અને દમણમાં 34 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. અમદાવાદમાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની આગાહી કરવામાં આવી છે.

બાળક પોતાના દાદા સાથે દૂધ આપવા માટે જતો હતો ત્યારે રસ્તામાં સિંહણનો હુમલો

અમરેલીના ચતુરી ગામે પાંચ જ વર્ષના બાળકને સિંહણે ઊંચકી જઈ ફાડી ખાધો

ગામથી થોડે દૂર લોહીલુહાણ હાલતમાં બાળકનો મૃતદેહ મળી આવતાં ગ્રામજનોમાં ભય સાથે અરેરાટી

અગાઉ પણ સિંહના હુમલાની ઘટનાઓ બની છે, પરંતુ તંત્ર નિષ્ફળ

અમરેલીઃ ખાંભા તાલુકાના ચતુરી ગામમાં ગત રાત્રે ચતુરી ગામમાં પાંચ વર્ષના માસુમ બાળકનો સિંહના હુમલામાં દુઃખદ મોત નીપજતા ગામમાં ભય અને ચિંતાનો માહોલ ફેલાયો છે.

મળતી માહિતી અનુસાર ચતુરી ગામમાં રહેતો પાંચ વર્ષનો જીયાન દેવકુંભાઈ સીધા પોતાના દાદા સાથે રાત્રિના સમયે દૂધ આપવા માટે જઈ રહ્યો હતો. બાળક દાદાની આંગળી પકડીને ચાલતો હતો ત્યારે અચાનક અંધારામાંથી એક સિંહણ ત્રાટકી હતી. દાદા કાંઈ સમજી શકે તે પહેલા જ સિંહણે બાળક પર હુમલો કરીને તેને ઉઠાવી લીધો હતો અને જંગલ તરફ દોડી ગઈ હતી. દાદાની ચીસો સાંભળી આસપાસના લોકો તરત જ દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ સમગ્ર ગામમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.

ગ્રામજનોએ લાકડીઓ અને ટોર્ચ લઈને બાળકની શોધખોળ શરૂ કરી હતી. કેટલાક યુવાનો સિંહણની પાછળ પણ દોડ્યા હતા અને બાળકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ભારે પ્રયાસો છતાં બાળકને જીવતો બચાવી શકાયો ન હતો. ગામથી થોડે દૂર બાળકનો લોહીલુહાણ મૃતદેહ મળી આવતા પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો.

આ વિસ્તારમાં સિંહોની અવરજવર વધી ગઈ છે છતાં તંત્ર પગલાં લેતું નથીઃ સ્થાનિક રહીશો

પરિવારના સભ્યો અને ગ્રામજનોએ આ ઘટનાને લઈને ભારે રોષ વ્યક્ત કર્યો હતો. તેમનું કહેવું છે કે છેલ્લા કેટલાક સમયથી ગામની આસપાસ સિંહોની અવરજવર વધી ગઈ છે છતાં યોગ્ય પગલાં લેવામાં આવ્યા નથી. જેના કારણે લોકોમાં સતત ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ દુઃખદ ઘટનાએ ફરી એક વખત માનવ અને વન્ય પ્રાણી વચ્ચે વધતા સંઘર્ષનો ગંભીર પ્રશ્ન ઉભો કર્યો છે. ગ્રામજનો હવે પોતાના પરિવાર અને બાળકોની સુરક્ષા અંગે ચિંતિત બન્યા છે અને વન તંત્ર પાસેથી કાયમી અને અસરકારક ઉકેલની માંગ ઉઠી રહી છે.

રાજ્ય સરકાર, સુરત મનપા અને ટોરેન્ટ પાવર સામે અરજદારોના ગંભીર આક્ષેપ

નાસીરનગર મામલે પોલીસે કેમ અસરગ્રસ્તોની ફરિયાદ લીધી નહીં?

હાઈકોર્ટે રાજ્ય સરકાર, સુરત મનપા અને ટોરેન્ટ પાવર પાસે માંગ્યો જવાબ

ડીસીપી નકુમને કોર્ટમાં હાજર રહેવા આદેશ, 29 જૂને ફરી સુનાવણી

અમદાવાદઃ સુરતના વેડદરવાજા ખાતેના નાસીરનગર વિસ્તારમાં 150થી વધુ મકાનોના કથિત ગેરકાયદે ડિમોલિશન મામલે ગુજરાત હાઇકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન જસ્ટિસ નીખિલ એસ. કરિયેલે રાજ્ય સરકાર, સુરત મહાનગરપાલિકા સુરત પોલીસ અને ટોરેન્ટ પાવર સામે અનેક વેધક સવાલો ઉઠાવ્યા હતા. ગુજરાત હાઇકોર્ટે ખાસ કરીને સુરત પોલીસ કમિશનરે અરજદારોની ફરિયાદ કેમ સ્વીકારી નહીં તે મુદ્દે સવાલ ઉઠાવતાં જણાવ્યું હતું કે જો એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમ ઘટનાસ્થળે અનઓફિશિયલ રીતે હાજર હતા તો તેમને આગામી સુનાવણીમાં કોર્ટ સમક્ષ હાજર રહેવું. સુરતના નાસીરનગર વિસ્તારમાં 30 મેના રોજ થયેલા ડિમોલિશન મામલે 26 અસરગ્રસ્ત પરિવારો દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલી રીટ અરજીની સુનાવણી દરમિયાન કોર્ટે અનેક મહત્વપૂર્ણ ટિપ્પણીઓ કરી હતી. જસ્ટીસ નીખિલ એસ. કરિયેલ સમક્ષ થયેલી સુનાવણીમાં અરજદારોએ આક્ષેપ કર્યો હતો કે કોઈપણ નોટિસ, સાંભળવાની તક કે પંચનામા વિના 150થી વધુ મકાનો તોડી પાડવામાં આવ્યા હતા.

અરજદારો તરફથી સિનિયર એડવોકેટ તૃષા પટેલે રજૂઆત કરી હતી કે, નાસીરનગરમાં દાયકાઓથી લોકો વસવાટ કરે છે અને તેમના પૂર્વજો પણ ત્યાં રહેતા હતા. તેમ છતાં 30 મેના રોજ અચાનક બુલડોઝર લાવીને મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. ઘટનાના બીજા દિવસે અરજદારોએ સુરત મહાનગરપાલિકા કમિશનરને રજૂઆત કરી હતી, પરંતુ કોર્પોરેશને ડિમોલિશનનો કોઈ સત્તાવાર આદેશ આપ્યો ન હોવાનું જણાવ્યું હતું. સુનાવણી દરમિયાન જસ્ટિસ નિખિલ કરિયેલે પ્રશ્ન કર્યો હતો કે, જો સુરત મનપા ના પાડે છે તો આ ડિમોલિશન કોર્પોરેશને જ કર્યું છે તેવું કયા આધારે કહી શકાય અને ત્યાં હાજર મશીનરી તથા માણસો કોના હતા? જેના જવાબમાં અરજદારોના ધારાશાસ્ત્રીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે ડિમોલિશન કરનારી એજન્સી સુરત મહાનગરપાલિકાની જ હતી અને ઘટના સ્થળે SMCના ૭ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓ હાજર હતા. આ ઉપરાંત, કાયદો અને વ્યવસ્થા જાળવવાના નામે ત્યાં સુરત SOGના અને ચોક બજાર પોલીસ સ્ટેશનના ૨૦થી ૨૫ જેટલા પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા, તેમજ સૌથી મહત્વની બાબત એ છે કે ડિમોલિશન શરૂ થાય તે પહેલાં જ ટોરેન્ટ પાવર લિમિટેડ દ્વારા ત્યાંનો વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો.

અરજદારો તરફથી ધારાશસ્ત્રીએ વધુમાં દાવો કર્યો હતો કે ડિમોલિશન પહેલાં ટોરેન્ટ પાવર દ્વારા વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. ઉપરાંત સ્થળ પર સુરત એસઓજીના 20થી 25 જેટલા પોલીસ કર્મચારીઓ, ચોક બજાર પોલીસ સ્ટેશનનો સ્ટાફ અને મનપાના અધિકારીઓ હાજર હતા. સુનાવણી દરમિયાન હાઇકોર્ટે મહત્વનો સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે અસરગ્રસ્તોએ પોલીસ સમક્ષ ફરિયાદ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે સુરત પોલીસ કમિશનરે ફરિયાદ કેમ લીધી નહીં? કોર્ટે એ પણ નોંધ્યું હતું કે જો એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમ ઘટનાસ્થળે સત્તાવાર ફરજ વિના હાજર રહ્યા હોય તો તેઓ આગામી સુનાવણીમાં કોર્ટ સમક્ષ ઉપસ્થિત થાય.

જસ્ટીસ કરિયેલે રાજ્ય સરકાર અંગે પણ ટિપ્પણી કરતાં કહ્યું હતું કે રાજ્ય સરકાર આ સમગ્ર ઘટનામાં પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા અને અન્ય પક્ષકારો પાસેથી પણ સ્પષ્ટતા માંગવામાં આવી છે. આ દરમિયાન ટોરેન્ટ પાવર લિમિટેડ તરફથી હાજર રહેલા ધારાશાસ્ત્રીએ જવાબ રજૂ કરવા માટે સમય માંગતા કોર્ટે મામલાની આગામી સુનાવણી 29 જૂનના રોજ બોર્ડ પર પ્રથમ પ્રાથમિકતાથી રાખવાનો આદેશ કર્યો હતો. સાથે જ અરજદારોને ટોરેન્ટ પાવરના વકીલને અરજીની નકલ પહોંચાડવાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો હતો. હવે 29 જૂને થનારી સુનાવણીમાં રાજ્ય સરકાર, સુરત મનપા, પોલીસ તંત્ર અને ટોરેન્ટ પાવર તરફથી જવાબો રજૂ થવાની શક્યતા છે. આ કેસમાં હાઇકોર્ટની આગામી કાર્યવાહી પર સમગ્ર રાજ્યની નજર મંડાઈ છે, કારણ કે મામલો ડિમોલિશન પ્રક્રિયા, નાગરિકોના અધિકારો અને સરકારી તંત્રની જવાબદારી જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ સાથે સંકળાયેલો છે.

સાબરમતીમાં નવા નીર આવતા વાસણા બેરેજ ભરપૂર થઈ ગયો

અમદાવાદમાં જળયાત્રા નજીક આવતાં સાબરમતી નદીમાં પાણી ભરાતા વાસણા ખાતેનો બેરેજ પણ ભરપૂર થઈ જવા પામ્યો હતો. (તસવીરઃ જનક પટેલ, અમદાવાદ

સર્વાંગી મૂલ્યાંકન માટે ધોરણ 9માં સર્વગ્રાહી પ્રગતિપત્રકનો અમલ શરૂ

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડને વ્યવસાયલક્ષી શિક્ષણ માટે પ્રમાણન સંસ્થા બનાવાશે

ગાંધીનગરઃ રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણને વધુ અસરકારક બનાવવા માટે બે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે.

શિક્ષણ બોર્ડમાંથી મળતી માહિતી મુજબ, રાજ્ય સરકારના નિર્ણય મુજબ ધોરણ-૯માં સર્વગ્રાહી પ્રગતિ પત્રકનો અમલ તબક્કાવાર રીતે કરવામાં આવશે. શરૂઆતમાં દરેક જિલ્લાના ૧૦ ટકા સરકારી, અનુદાનિત અને બિનઅનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રાયોગિક ધોરણે તેનો અમલ કરવામાં આવશે. સર્વગ્રાહી પ્રગતિ પત્રક દ્વારા વિદ્યાર્થીઓનું ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકન કરવામાં આવશે. આ પદ્ધતિમાં માત્ર પરીક્ષાના ગુણોને જ નહીં પરંતુ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસને પણ મહત્વ આપવામાં આવશે. તેમાં વિદ્યાર્થીનું સ્વ-મૂલ્યાંકન, સહાધ્યાયીઓ, વાલીઓ અને શિક્ષકો દ્વારા મૂલ્યાંકનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત રાજ્ય સરકારે ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને વ્યવસાયલક્ષી શિક્ષણના વિષયો માટે રાષ્ટ્રીય વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ પરિષદ પાસેથી પ્રમાણન સંસ્થા તરીકે માન્યતા મેળવવા માટે જરૂરી કાર્યવાહી કરવાની મંજૂરી આપી છે. રાષ્ટ્રીય વ્યવસાયિક શિક્ષણ અને તાલીમ પરિષદ દેશભરમાં કૌશલ્ય શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમનું નિયમન કરતી અગ્રણી સંસ્થા છે. તેની માન્યતા પ્રાપ્ત કર્યા બાદ શિક્ષણ બોર્ડ તાલીમ, મૂલ્યાંકન અને પ્રમાણપત્ર પ્રદાન કરવાની કામગીરી કરી શકશે.

સરકારનું લક્ષ્ય 100 ટકા નામાંકન-ઝીરો ડ્રોપ રેશિયોનું છેઃ મુખ્યમંત્રી

શાળા પ્રવેશોત્સવમાં સાણંદમાં મુખ્યમંત્રીના હસ્તે 209 વિદ્યાર્થીઓનો પ્રવેશ

ગાંધીનગરઃ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-2026ના ત્રીજા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના પીંપણ ગામ અને સાણંદ મોડલ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વર્ષ 2003માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલો શાળા પ્રવેશોત્સવ આજે સરકારી કાર્યક્રમમાંથી જન-જનનો ઉત્સવ બની ગયો છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારનું લક્ષ્ય શાળાઓમાં 100 ટકા નામાંકન અને ઝીરો ડ્રોપઆઉટ રેટ હાંસલ કરવાનું છે. વાલીઓને બાળકોના શિક્ષણ અને ભવિષ્ય પર વિશેષ ધ્યાન આપવા તેમણે અપીલ કરી હતી. સાણંદ મોડલ સ્કૂલમાં ધોરણ 9 અને 11માં કુલ 209 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સાણંદને વિકસતા સેમીકન્ડક્ટર હબ તરીકે ઉલ્લેખતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સ્થાનિક વિદ્યાર્થીઓને પણ વૈશ્વિક સ્તરનું ગુણવત્તાયુક્ત શિક્ષણ મળવું જોઈએ. તેમણે 'કેચ ધ રેન' અભિયાન દ્વારા જળસંચય અને 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ માટે પણ અપીલ કરી હતી. પ્રવેશોત્સવ દરમિયાન મુખ્યમંત્રીએ શાળાની સ્માર્ટ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું તેમજ શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો અને વાલીઓ સાથે બેઠક યોજી હતી.

ઓનલાઈન ભણીને અર્બન પ્લાનિંગમાં ડિપ્લોમા થનારને પણ એલિજિબલ ગણવાના નિર્ણયથી

રાજ્યમાં ટાઉન પ્લાનર ભરતીમાં લાયકાત મુદ્દે ભારે વિવાદ સર્જાયો

ટાઉન પ્લાનરે જે-તે વિસ્તારના વિકાસમાં ટેકનિકલી કામ કરવાનું હોય છે, જે ઓનલાઈન ભણવાથી કરી શકાય નહીં

સુરત, ગાંધીનગરઃ ગુજરાતમાં ટાઉન પ્લાનર, જુનિયર ટાઉન પ્લાનર, આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર સહિતના વૈધાનિક નગર આયોજન હોદ્દાઓની ભરતી પ્રક્રિયાને લઈને નગર આયોજન ક્ષેત્રના ઉમેદવારો અને વ્યાવસાયિકોમાં ચિંતા વ્યક્ત થઈ છે.

મળતી માહિતી મુજબ, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તાજેતરમાં પૂર્ણ કરાયેલી જુનિયર ટાઉન પ્લાનર અને ટાઉન પ્લાનર ભરતીમાં પસંદ થયેલા કેટલાક ઉમેદવારો પાસે IGNOU દ્વારા ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ પદ્ધતિ હેઠળ અપાતો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન અર્બન પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ અભ્યાસક્રમ છે. આ મુદ્દો હાલ ચાલી રહેલી ભરતી પ્રક્રિયાઓમાં પણ લાગુ પડતો હોવાથી ભરતી પૂર્ણ થાય તે પહેલાં લાયકાતોની સમકક્ષતા અંગે નીતિગત નિર્ણય લેવાની માંગ થઈ રહી છે. નગર આયોજન ક્ષેત્રની અગ્રણી વ્યાવસાયિક સંસ્થા 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટાઉન પ્લાનર્સ, ઈન્ડિયા' (ITPI) દ્વારા પણ રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સમક્ષ રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. સંસ્થાએ ડિસ્ટન્સ લર્નિંગ દ્વારા અપાતી આયોજન સંબંધિત લાયકાતોને પૂર્ણકાલીન વ્યાવસાયિક આયોજન શિક્ષણ સમકક્ષ ગણવા સામે પ્રશ્નો ઉઠાવી વૈધાનિક હોદ્દાઓ માટે તેની માન્યતા અંગે પુનર્વિચાર કરવાની માંગ કરી છે.

વિશેષજ્ઞોના જણાવ્યા મુજબ નગર આયોજન ક્ષેત્રમાં આયોજન સ્ટુડિયો, ભૌગોલિક માહિતી પ્રણાલી (GIS), ક્ષેત્ર સર્વેક્ષણ, જમીન ઉપયોગ આયોજન, વિકાસ નિયંત્રણ નિયમો, માળખાગત સુવિધા આયોજન અને સ્થળ વિશ્લેષણ જેવી પ્રાયોગિક તથા તકનિકી તાલીમ અત્યંત જરૂરી છે. આ સંજોગોમાં ભરતી પ્રક્રિયામાં લાયકાતોની સમકક્ષતા અંગે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવી અને વૈધાનિક હોદ્દાઓ માટે જરૂરી વ્યાવસાયિક ધોરણો સુનિશ્ચિત કરવું જાહેર હિતમાં જરૂરી હોવાનું ઉમેદવારો અને વ્યાવસાયિકોએ જણાવ્યું છે.

સુડોકુ ૬૫૫૯ - 'ક્લુ'

૪		૯	૩		૬			
૩	૨				૪			
૮	૫	૬	૧		૨		૩	
		૨	૪	૧		૫		૩
૫	૮		૬	૩	૯		૧	૪
૧		૪			૫		૬	૭
			૨	૪	૩		૯	૫
૨	૬				૧	૭	૪	
૯		૫			૮		૨	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

તાવ

કાચકા સેકી તેની મીંજ છૂટી કરવી .તેના વજનથી ત્રીજા ભાગે કાળા મરી ભેળવી ચૂર્ણ બનાવવું. તેમાંથી એક ગ્રામ ચૂર્ણ પાણી સાથે દર ત્રણ કલાકે આપી શકાય.

મહિલા સશક્તિકરણઃ ગુજરાતમાં 5.96 લાખથી વધુ મહિલા 'લખપતિ દીદી' બની

સખી મંડળો, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા થકી લાખોની આવક કમાઈ રહી છે ગ્રામ્ય મહિલાઓ

ગાંધીનગરઃ મહિલા સશક્તિકરણના ક્ષેત્રે ગુજરાતે વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. કેન્દ્ર સરકારની 'લખપતિ દીદી' યોજના હેઠળ રાજ્યમાં ડિસેમ્બર-2025 સુધીમાં 5.96 લાખથી વધુ મહિલાઓએ વાર્ષિક એક લાખ રૂપિયાથી વધુ આવક હાંસલ કરીને આર્થિક આત્મનિર્ભરતાની નવી ઓળખ ઉભી કરી છે. સ્વ-સહાય જૂથો (સખી મંડળો), કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતાના સમન્વયથી ગ્રામ્ય મહિલાઓ માત્ર પોતાના પરિવારની આર્થિક સ્થિતિ મજબૂત બનાવી રહી નથી, પરંતુ સમગ્ર સમાજના વિકાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. વડોદરામાં 29 અને 30 જૂને યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (મધ્ય ગુજરાત) દરમિયાન આવી અનેક મહિલા ઉદ્યોગસાહસિકોની સફળતાગાથાઓ રાજ્યના વિકાસ મોડેલને નવી ઓળખ આપશે.

વિકસિત ભારત-2047ના સંકલ્પને સાકાર કરવામાં મહિલા સશક્તિકરણને કેન્દ્રસ્થાને રાખીને શરૂ કરાયેલી 'લખપતિ દીદી' યોજના ગુજરાતમાં નોંધપાત્ર સફળતા મેળવી રહી છે. રાજ્યમાં અત્યાર સુધી 5.96 લાખથી વધુ મહિલાઓએ વાર્ષિક એક લાખ રૂપિયાથી વધુ આવક મેળવી 'લખપતિ દીદી' તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. 'દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન' હેઠળ અમલમાં મુકાયેલી આ પહેલનો મુખ્ય હેતુ ગ્રામ્ય મહિલાઓને સ્વ-રોજગાર, ઉદ્યોગસાહસિકતા અને કૌશલ્ય વિકાસ દ્વારા આર્થિક રીતે સશક્ત બનાવવાનો છે. ગુજરાતમાં સખી મંડળો તરીકે ઓળખાતા સ્વ-સહાય જૂથો આ પરિવર્તનના મુખ્ય આધારસ્તંભ બન્યા છે.

વડોદરા જિલ્લાના લતીપુરા ગામની કલ્પનાબેન ગોહિલ આ સફળતાનું જીવંત ઉદાહરણ છે. સખી મંડળ સાથે જોડાઈ બેંકિંગ કોરસપોન્ડન્ટ અને પશુપાલન પ્રવૃત્તિઓ દ્વારા આજે તેઓ વાર્ષિક રૂ. 5.60 લાખની આવક મેળવે છે. તેવી જ રીતે આણંદ જિલ્લાના વડોદ ગામની હંસાબેન રાઠોડ બેંકિંગ કોરસપોન્ડન્ટ તરીકે કામગીરી કરીને દર વર્ષે રૂ. 4.15 લાખની આવક મેળવી રહી છે. આણંદ જિલ્લાના ગામાડી ગામની કોમલબેન ચૌહાણે હસ્તકલા ક્ષેત્રે પોતાની પ્રતિભાને વ્યવસાયમાં પરિવર્તિત કરી છે. ટેરાકોટા ઉત્પાદનો, તોરણ, રંગોળી અને ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓના ઉત્પાદન દ્વારા તેઓ વાર્ષિક રૂ. 2.50 લાખની આવક મેળવી આત્મનિર્ભર બન્યા છે. આવી હજારો મહિલાઓની સફળતાગાથાઓ સાબિત કરે છે કે 'લખપતિ દીદી' યોજના માત્ર આવક વધારવાનો કાર્યક્રમ નથી, પરંતુ સામાજિક અને આર્થિક પરિવર્તનનું શક્તિશાળી માધ્યમ બની છે.

મહિલા સશક્તિકરણ, સ્થાનિક ઉદ્યોગસાહસિકતા અને આત્મનિર્ભરતાના આ મોડેલને વધુ પ્રોત્સાહન આપવા વડોદરાની GSFC યુનિવર્સિટી ખાતે યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં આવા સફળ ઉદાહરણોને વિશેષ સ્થાન આપવામાં આવશે.ગુજરાતમાં મહિલાઓની વધતી આર્થિક ભાગીદારી રાજ્યના સર્વાંગી વિકાસને નવી દિશા આપી રહી છે અને 'આત્મનિર્ભર ભારત' તથા 'વિકસિત ગુજરાત'ના વિઝનને વધુ મજબૂત બનાવી રહી છે.

આજનું પંચાંગ

તા. 26/06/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિઃ સુદ : બારસઃ 22:23, ચંપક દ્વાદશી
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢઃ 05
યોગ : સિધ્ધ **કરણઃ** બવ
નક્ષત્ર : વિશાખા : 19:16
રાશિ : તુલા (ર.ત.) 12:25 પછી વૃશ્ચિક (ન.ય.)
દિવસ : સામાન્ય - મોહરમ તાજિયા-મુ.
સુરતમાં સૂર્યોદય : 06:01 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
નવકારસી : 06:49
પારસી વર્ષ : 1395 બહમન માસનો 16મો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 10મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાંઃ રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુકાળ : સવારે : 10:30થી 12:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ): નવી નોકરી મળી શકે છે. નાના મોટા ધંધા કે ઉદ્યોગ માટેના પ્રયત્નો સફળ રહે. સામાજિક કાર્યમાં યશ મળે.

વૃષભ (બ,વ,ઉ): નોકરીમા વિવાદ ટાળવો. હરીફોથી સાવધાન રહેવુ. માતાના આરોગ્યની ચિંતા સતાવે. ખર્ચા વધશે.

મિથુન (ક,છ,ઘ): પરિવાર સાથે વિવાદ-દલીલ ટાળવી. તમારી મહેનત કામમાં પ્રગતિ કરાવશે. સંતાન જીવન સાથીની ચિંતા.

કર્ક (ડ,હ): નોકરી ધંધા વગેરેમા નવુ શીખવા મળે. બહારના કામમા મદદ મળે. સરકારી યોજનાનો લાભ મળે.

સિંહ (મ,ટ): વિચારો હકારાત્મક રહે. રાજકારણ સાથે જોડાયેલને અચાનક તક મળે. હિત શત્રુઓનો વિરોધ વધશે.

કન્યા (પ,ઠ,ણ): વાણી પર કાબૂ રાખવો. ઘરમા અવર-જવરથી મન અશાંત રહે. નોકરી-ધંધામાં નવી યોજના બને.

તુલા (ર,ત): આરોગ્ય સુધરે દાંપત્ય જીવનમા તાલમેળ રહે. શુભ સમાચાર મળે. ટેકનોલોજીનુ જ્ઞાન નવી તક પેદા કરશે.

વૃશ્ચિક (ન,ય): આરોગ્ય અને માનસિક થાક કામમાં ખલેલ પેદા કરે. હાથ પરના કામ પર ધ્યાન કેન્દ્રીત રાખવું. ખર્ચા વધશે.

ધન (ભ,ધ,ફ,ઢ): મહત્ત્વની ઇચ્છા પૂર્ણ થઇ શકે છે. વેપાર-ધંધાની યોજના પાર પડશે. જીવનસાથી સંતાનોના પ્રશ્નો સતાવે.

મકર (ખ,જ,): નોકરીમા પ્રભાવ વધે. સહ કર્મીઓનો સાથ મળે. મિલકત બાબતે પ્રગતિ થાય. નવા ફેરફારથી રાહત રહે.

કુંભ (ગ,સ,શ,ષ): પરિવારનો સાથ મળે. સંતાનોની પ્રગતિ થાય. પિતાની મદદથી વિદેશના કામમા ગતિ આવે.

મીન (દ,ચ,ઝ,થ): વારસા બાબતે વિવાદ ટાળવો. કામમા સાવધાની રાખવી. અચાનક મુશ્કેલી આવી શકે છે.

કોઈ પણ સાલમાં 26 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રમોશન મળે. ધંધામાં નવી યોજના પાર પડે. વ્યવસાયમાં અનુકૂળતા રહે. ટેકનોલોજીનો લાભ મળે. સમાજમાં માન વધે. આર્થિક બાબતે પ્રગતિ થાય. ઉઘરાણી આવાવથી નવા રોકાણ થાય. નવા ઘર, મકાન, વાહનની યોજના અચાનક પાર પડશે. સરકારી કામ કોર્ટ, કચેરીમાં મદદ મળવાથી અટવાયેલા કેસમાં ગતિ આવે. ઉમર લાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ-વિવાહની શક્યતા વધશે. આરોગ્ય સામાન્ય રહે. વિદેશના કામ થાય. વિદ્યાર્થીઓને ટેકનોલોજી વગેરેનું શિક્ષણ મળે. મહેનતનું ફળ મળે. મિત્રો વડીલોની મદદ સામાજીક, કાયદાકીય, વારસા, જાયદાત, જમીન જેવા પ્રશ્નોમાં મળે. વધારાની આવક માટેના પ્રયત્નો સફળ રહે. સંતાનોના અભ્યાસ કેરીયરમા પ્રગતિ થાય. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મથી શાંતિ મળે. ડિસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી, શુક્ર, શનિવાર 8,17,26 તારીખે નવા કામ કરવા. કાળા અને નીલા રંગનો ઉપયોગ કરતા રહેવું. માર્ચ, એપ્રિલ, બુધવાર 7,16,25 તારીખે નવા કામ ટાળવો. સોનેરીનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાય કરતા રહેવું